# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૫૫ • તા.૨૯ એપ્રિલ થી ૫ મે ૨૦૨૩



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.










# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા રમતોત્સવ ૩.૦નું સફળ આયોજન સંપન્ન થયું




insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# ઉંમર વધે એની સાથે ઉત્સાહ વધવો જોઈએ

બાળપણ નિર્દોષ, યુવાની મસ્તી ભરી મોજીલી હોય તો વૃદ્ધાવસ્થા પરવશ, લાચાર, એકાકી જેવી કેમ હોય છે! આમાં કોઈપણ રીતે વૃદ્ધ વડીલોનો મુખ્ય ફાળો છે. વરિષ્ઠ નાગરિકો પોતાનું જીવન તેજસ્વી રાખવું જોઈએ. તેને બદલે વિચારોના વમળમાં અટવાઈ, ઘર પરિવારની સમસ્યાઓથી ઘેરાઈ નિસ્તેજ થઈ જીવન પસાર કરે છે. પાછલી જિંદગી એવી રીતે જીવવી જોઈએ કે દરેક આપણાથી પ્રેરિત થઈ જાય. આપણું જીવન ધ્યેય અન્ય માટે ઉદાહરણ રૂપ બની જાય. પસાર થતો દરેક સમય ઉત્સાહ અને ઉમંગથી તરબતર હોવો જોઈએ. જીવનના સાઠ દાયકા પોતાના સિવાયના ઓ માટે જીવવ્યા પણ હવે પછીની આવરદા પોતાના માટે જીવીએ. જીવનની દરેક પળ અમૂલ્ય છે. દુનિયાની બધી કળાઓમાં જિંદગી કેવી રીતે જીવવી એ પણ એક કળા છે. એ રીતે જીવન જીવવાની કળા જેને આવડી ગઈ એને જીવનના દરેક તબક્કે જિંદગી માણવા લાયક લાગશે.

વ્યવસાય કે નોકરીમાંથી નિવૃત થનાર પ્રૌઢાવસ્થ વ્યક્તિ ભવિષ્ય માટે ચિંતિત હોય છે. પોતાના સ્વાસ્થ્ય માટે કાળજી ધરાવનાર હોય છે. વૃદ્ધાવસ્થા એટલે વળતાં પાણી એવું માની નિરાશા લાગણી ધરાવવી ન જોઈએ. નિવૃત્તિ બાદ એકાકી પણાની લાગણી અનુભવાય. અગાઉ જેટલું વ્યસ્ત જીવન હતું તેનો અભાવ થઈ સમય કેમ પસાર કરવો એવી વિમાસણ થાય પણ પદ્ધતિસર સમયપત્રક બનાવી નિયમિત દરેક કાર્યને જાળવી કરાય તો કોઈ માનસિક કે શારીરિક સમસ્યા ન સર્જાય. પોતાના માટે, પ્રભુ માટે અને પરજનો માટે કાર્ય થાય એનો આનંદ અને સંતોષ અલગ હોય છે. પ્રૌઢાવસ્થાનું પણ એક આગવું સૌંદર્ય હોય છે. તે કેમ નિખરે એ આપણા હાથની વાત છે. બાળકોને પ્રેમ હેત ને વહાલ આપવું. યુવાનાનું માર્ગદર્શન કરવું અને સમોવડિયાઓની સાથે મૈત્રી રાખી જીવન આનંદિત કરી શકાય અને એથી પ્રફુલ્લિત થઈ શકાય છે.

આ અવસ્થા એક પાકેલાં ફળ જેવી છે. જેને જતનથી જાળવવી જોઈએ. હળવા હાથની માવજત રાખવી જોઈએ. આ ઉંમરમાં શરીરના સ્વાસ્થ્યને જાળવી રાખવું ખૂબ જ જરૂર બની જતું હોય છે. એટલે એની જાળવણી યુવાવસ્થાથી જાળવવી જોઈએ. આ સ્વાસ્થ્ય સજાગતા જો વર્ષો અગાઉથી રાખી હોય તો એ આ ઉંમરે એ સરળતાથી જળવાઈ રહે છે. પહેલું સુખ જાતે નર્યા એ તંદુરસ્તી જાળવણીનો જો સુખ આ ઉંમરે મળે તો ઉત્સાહ આનંદમાં કોઈ ઓટ આવતી નથી. નવું જાણવાની, નવું શીખવાની ધગશ આ ઉંમરે રાખવી જોઈએ જેથી નાવિન્ય જ્ઞાન પામવાની ઉત્કંઠા જીવનનો આનંદ બની શકે. નવું શીખવાના શોખથી ઉત્સાહમાં વધારો થાય છે. જીવન જીવવાનું ઝનૂન જાગે છે. જેનાથી કોઈ નેગેવિટી વિચાર આયુના દિવસો ભલે ઓટ ભણી વહેતાં હોય પણ ઉત્સાહની ભરતી સતત ઉરમાં આ અવસ્થામાં પણ રહેવી જોઈએ.

– જય જ્ઞાતિમૈયા

# દૃષ્ટિકોણ બદલવો જરૂરી

દરેક વ્યક્તિ પોતાની રીતે જીવવા ઈચ્છે છે. એ પણ હકીકત છે કે દરેકને પોતપોતાની રીતે જીવવાનો અધિકાર છે. પણ પ્રશ્ન ત્યારે ઊભો થાય જ્યારે સહુ પોતપોતાની જિંદગીમાં વ્યસ્ત રહી. મસ્ત રહી જીવવાને બદલે પોતાના પરિવારજનો, મિત્રો, સગાસંબંધીઓની સાથે જીવતા જીવતા સરખામણી, ઈર્ષા, અહમ, અભિમાન વગેરે જેવા નકારાત્મક દ્રષ્ટિબિંદુ કે સ્વભાવને લઈને પોતે દુ:ખી, હતાશ, નિરાશ થાય છે અને બીજાની જિંદગીનો આનંદ પણ હરામ કરી મૂકે છે. દરેક સંબંધ સાંકળ સરખામણી કર્યા વિના ભાગે પડતું કામ કે જવાબદારી આનંદથી નિભાવી આવી પડેલ કટોકટીને ઉકેલવાની સાથે મળી કોશિશ કરવી જોઈએ.

કુટુંબ દરેકને માટે કેન્દ્રબિંદુ છે એ આપણા જીવનનો મૂળભૂત એકમ છે. આપણો વિકાસ, પ્રગતિ, સફળતા કે નિષ્ફળતા બધું પહેલાં ત્યાં જ અનુભવીએ છીએ અને પછી બહાર પ્રકટપણે ખૂલ્લી કરીએ છીએ. કુટુંબ ભલે એક હોય પણ એમાં સમાવિષ્ટ વ્યક્તિઓ અલગ અલગ હોય છે. સ્વભાવ, વિચાર, વર્તન, ભેદ અલગ અલગ રહેવાના એમનામાંથી જેમની જીવન દ્રષ્ટિ સમાન હોય, જીવન પથ પર ચાલવાના વિચાર સરખા હોય એવી કુટુંબની વ્યક્તિ કે મિત્ર, પડોશી કે કોઈ અન્ય આપણા આત્મીયક્ષેત્રમાં આપોઆપ આવી જાય છે. એક જ કુટુંબ હોવા છતાં સ્વભાવને લીધે વિચારોની એકતાને લીધે દરેક ભાઈ બહેનને એસક સરખું બનતું હોય એ જરૂરી નથી. આપણા વ્યક્તિત્વની સાથે જેમનું વ્યક્તિત્વ મળતું આવે વિચારો સરખા સમાન હોય, જીવન દૃષ્ટિ સરખી હોય, જીવન પથ પણ સરખો હોય એવી આપણી અંગત કે કોઈ અજાણ વ્યક્તિ આપણા આત્મીય ક્ષેત્રમાં આપોઆપ આવી જાય છે.

સહુના જીવનો આનંદ જ્યારે કોઈ કટોકટી થાય, ગંભીર પ્રશ્નો, તકલીફ સમસ્યા આવે ત્યારે હણાઈ જાય. વાચા વિચાર પર તાળા લાગી જાય એ આપણા સહુની અનુભૂતિ છે. જીવનમાં જેમ અણધારી કટોકટી આવે છે એમ ચાલી પણ જાય છે. છતાં મોટા ભાગના લોકો અધીર થઈ જાય. ન બોલવાના વેણ કાઢે, ન કરવાનું કરે અને પછી પેટ ભરીને પસ્તાય જ્યારે જીવન કટોકટીમાં પસાર થતું હોય ત્યારે દરેકે ધીરજ રાખી સમય પસાર કરવો જોઈએ. હાથ, પગ કે માથા પછાડવાથી કંઈ રસ્તો નીકળે નહીં. પ્રશ્ન જ્યારે ઉકેલવાનો હશે ત્યારે ઉકેલાશે. પણ આવી પડેલી કટોકટી સામે તમે કેવી રીતે બહાર આવો છે. એ પ્રશ્ન ઉકેલવાની રીતથી જ વ્યક્તિનું વ્યક્તિત્વ નિખરી ઉઠે અને મૂરઝાઈ જાય છે. ઈશ્વરે બનાવેલી વિવિધ રંગી દુનિયાનો પાયો જ વિરોધાભાસ વચ્ચે સમતોલનનો છે. પરિવર્તનને લીધે કોઈ સ્થિર કે સ્થગિત નથી.

દરેક કડવા મીઠાં સંજોગો સામે જોવાની આપણે દ્રષ્ટિ બદલી નાખશું તો જીવન જીવવાની મજા ખૂબ આવશે. લોકોના અભિપ્રાયો ગમે તેવા હોય પણ તમે તેને ગણ કાર્યા વગર જીવો. જે બદલી શકાતું નથી એનો સપ્રેમ સ્વીકાર કરો. કાં પરિસ્થિતિ બદલો કાં તો તમે બદલાઈ જાઓ અને જીવનની પ્રત્યેક પળોને માણો આમ દ્રષ્ટિ બદલીશું તો જીવન જીવવાની મજા અગણિત આવશે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા રમતોત્સવ ૩.૦નું સફળ આયોજન સંપન્ન થયું












''આરોગ્ય એજ ખરી સંપત્તિ'' છે. શારીરિક રીતે સ્વસ્થ રહેવા માટે મનુષ્યના જીવનમાં ખેલકૂદનું યોગદાન મહત્વનું હોય છે. શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ એજ હેતુથી મુલુંડના જ્ઞાતિજનો માટે રમતોત્સવનો આરંભ કર્યો હતો. તેના અનુસંધાનમાં આ વર્ષે લાગલગાટ રમતોત્સવ ૩.૦ નું સફળ આયોજન રવિવાર તા. ૯ એપ્રિલ ૨૦૨૩ રોજ કાલિદાસ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના અથલોન ટર્ફ ખાતે કરવામા આવ્યુ હતુ.








# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા રમતોત્સવ ૩.૦નું સફળ આયોજન સંપન્ન થયું










મંડળની આ પહેલને H D Fire family એ સહર્ષ સ્વીકારીને ત્રણેય રમતોત્સવમાં આધાર સ્તંભ બની એક મજબૂત કરોડરજ્જુની ભૂમિકા સક્ષમ રીતે નિભાવી છે.એ બદલ સર્વોદય મંડળ તથા મુલુંડના દરેક જ્ઞાતિજન H D Fire family ના દરેક સભ્યોના આભારી છીએ.





# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા રમતોત્સવ ૩.૦નું સફળ આયોજન સંપન્ન થયું










રમતોત્સવ ૩.૦ માં મહિલાઓ માટે હેન્ડબોલ, થ્રો બોલ, લાગોરી અને પુરુષો માટે ફૂટબોલ, વોલીબોલ તથા ક્રિકેટ જેવી ૬ વિવિધ રમતોનું આયોજન કરવામાં આવેલ. દરેક સ્પર્ધા માટે FIRE VICTOR, FIRE CHASER, "FIERY PROTECTOR, "FIERY COMMANDER નામની ૪ ટીમોનું ચયન કરવામાં આવેલ.













# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા રમતોત્સવ ૩.૦નું સફળ આયોજન સંપન્ન થયું





૧૭૫ સ્પર્ધકો, ૪ ટર્ફ, ૮ રાષ્ટ્રીય તથા રાજ્ય સ્તરના કોચ, ૩૦ દિવસની શિસ્તબદ્ધતા, ૬૦ કલાકની તનતોડ તાલીમનું સફળ પરિણામ એટલે રમતોત્સવ ૩.૦.

૧૭૫ સ્પર્ધકો મહિના સુધી મુલુંડના જુદા જુદા ગ્રાઉન્ડ પાર પોતાના વ્યવસાયિક, શૈક્ષણિક, ઘરકાર્યની જવાબદારીઓનું સુંદર સમન્વય સાધી તાલીમનો લાભ લઈ રમતોત્સવના મેદાનમાં ઉતર્યા હતા અને રમતોત્સવના આયોજનને સફળ બનાવ્યો હતો.

રવિવાર તા ૯ એપ્રિલના સવારના ૮ વાગે કાર્યક્રમની શરૂઆત થઈ હતી જેનું છેક રાત્રે ૧૧ વાગે સમાપન થયું હતું.

કાર્યક્રમનો આરંભ ઢોલ તથા શહેનાઇના તાલે H D Fire ફેમિલીના સ્વાગત સાથે થયેલ, નવકાર મંત્રના પઠન બાદ પરિવાર દ્વારા દીપ પ્રાગટ્ય કરી રમતોત્સવની મશાલ પ્રજ્વલિત કરવામાં આવી જે ટીમના કેપ્ટન દ્વારા સંપૂર્ણ ટર્ફમાં માર્ચ પાસ રૂપે ફેરવામાં આવી, ત્યાર બાદ મંડળના પ્રમુખ શ્રી મયૂર મણીકાંત ધુલ્લા દ્વારા ઉપસ્થતિ દાતા પરિવાર, મહેમાનો, સ્પર્ધકો અને મહાનુભાવોનું ઉષ્માભર્યું સ્વાગત કાર્ય બાદ શ્રી અનિક ધરમશી દ્વારા દરેક સ્પર્ધકોને ''સ્પોર્ટ્સ ઓથ'' આપવામાં આવી. રાષ્ટ્રીયગીતના સામૂહિક પઠન બાદ રમત આરંભ કરવાની ઘોષણા કરવામાં આવી.





























# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા રમતોત્સવ ૩.૦નું સફળ આયોજન સંપન્ન થયું





સ્પર્ધાની શરૂઆત દરેક રમત ના કોલિફાયર રાઉન્ડ દ્વારા કરવામાં આવેલ  અને સેમી ફાઇનલ તથા ફાઇનલ મેચ પહેલા મુલુંડના ૫ થી ૧૨ વર્ષ સુધીના બાળકો દ્વારા જીમેનસ્ટિકનું અદ્દભૂત પ્રદર્શન કરવામાં આવેલ જેને હાજર રહેલ સૌએ તાળીઓના ગડગડાટ થી પ્રોત્સાહન આપી બિરદાવ્યું હતું.

આ ભૂલકાઓ દ્વારા મંડળની ''નિવ'' યોજનામાં ૪ નિવનું સ્વેછા એ યોગદાન આપી સમાજ માટે એક સુંદર ઉદાહરણ સ્થાપિત કર્યું હતું.

મંડળ દવારા H D Fire પરિવારના કાશ્મીરાબેન-નરેન્દ્રભાઈ, કુસુમબેન-હરીશભાઈ, નીતાબેન-હિરેનભાઈ, ઉષાબેન-અશ્વિનભાઈ, પૂજાબેન-અનિકભાઈ, પરીકાબેન-મિહિરભાઈ, હર્ષ, રીહાન, અવિકા અને હિયાંનું બહુમાન કરવામાં આવેલ.

H D Fire પરિવાર વતી શ્રીમતી કુસુમબેન હરીશભાઈ ધરમશી એ સ્પર્ધકો તથા મંડળની કમિટીને અભિનંદન આપી પ્રોત્સાહિત કર્યા.

સ્પર્ધકો , આયોજકો  તેમજ મંડળના સભ્યો સૌ એ પોત પોતાના ટીમના ડ્રેસમાં ઉપસ્થિત રહ્યા હતા અને તે ટર્ફ પર જાણે વિવિધ રંગો તરતાં હોય એવો ભાસ ઉત્પન્ન કરતા હતા તે જોવાનો લ્હાવો સૌ એ લીધો હતો.

સ્પર્ધામાં દરેક મેચમાં મેન ઓફ ધ મેચના ઇનામો આપવામાં આવ્યા હતા અને દરેક રમતમાં એક પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટનુ ઇનામ આપવામાં આવેલ. વિજેતા ટીમ ને એક સુંદર ટ્રોફી એનાયત કરવાંમાં આવી હતી તથા દરેકે દરેક સ્પર્ધકને મેડલ આપવામાં આવેલ.










# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા રમતોત્સવ ૩.૦નું સફળ આયોજન સંપન્ન થયું







પ્લેયર ઓફ ટુર્નામેન્ટ તરીકે નીચે જણાવેલ સ્પર્ધકોને બિરદાવવામાં આવ્યા હતા.

હેન્ડબોલ-કાશવી જીગ્નેશ મોતા, ફૂટબોલ-કેવલ રોહિત ધરમશી, થ્રો બોલ-સોનલ વીરેન હૈફા, વોલીબોલ-કલ્પેશ સુરેશ શીઆલ, લાગોરી-ભદ્રા દિલીપ લોડાયા, ક્રિકેટ-હિરેન લક્ષ્મીચંદ નાગડા



આ કાર્યક્રમમાં સ્પર્ધકો ઉપરાંત આયોજકો, મંડળના સભ્યો તેમજ વિવિધ પરાંમાંથી જ્ઞાતિજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા અને સ્પર્ધકોને ઉતેજન આપ્યું હતું. સંપૂર્ણ દિવસ દરમ્યાન જ્ઞાતિના શ્રેષ્ઠિવર્યો, આમંત્રિતો, વિવિધ મહાજનોના પદાધિકારીઓ ઉપરાંત મુલુંડના લોકસભાંના સભ્ય શ્રી મનોજ કોટક, અને ધારાસભ્ય શ્રી મિહિર કોટેચા એ હાજરી આપી આયોજન ને પ્રાધાન્ય આપ્યું હતું.

મંડળ પદાધિકારી ઓ દ્વારા આ રમતોત્સવ ૩.૦ના આયોજનમાં સહકાર આપનાર દાતાપરિવાર H D Fire family, સ્પર્ધકો તથા જ્ઞાતિજનોનો આભાર માનેલ તથા મંડળની આગામી દરેક પ્રવૃત્તિમાં ઉત્સાહ પૂર્વક ભાગ લેવા આગ્રહ કરેલ.

સમગ્ર પ્રોગ્રામનું યુ ટ્યુબ પર જીવંત પ્રસારણ કરવામાં આવેલ જેને દેશ વિદેશમાં હજારો જ્ઞાતિજનો એને ઘેર બેઠાં માણ્યો હતો.












# ચેતન લોડાયા દ્વારા બનાવેલ મોબાઈલ એપ ટ્રાન્સપોર્ટરની સાથી બનશે

**વેપારીઓ અને ટ્રક-ડ્રાઇવરોની આ સમસ્યાના ઉકેલ તરીકે મુલુંડના શારીરિક રીતે અક્ષમ યુવાને બનાવી મોબાઇલ ઍપ્લિકેશનઃ આવતી કાલે થશે એનું લોકાર્પણ : મેન્યુફેક્ચરરો અને લોજિસ્ટિક કંપનીઓની સાથે ટ્રાન્સપોર્ટ કંપનીઓ પણ એનો લાભ લઈ શકશે**



મહારાષ્ટ્ર કે ગુજરાતના વેપારીઓ હોય કે ટ્રક-ડ્રાઇવરો, માલ ટ્રાન્સપોર્ટ કરવા માટે ટ્રકની કે ટ્રક ખાલી થયા પછી ભાડાની જરૂર હોય તો તેમણે ફાંફાં મારવા પડતાં હોય છે. ક્યારેક વેપારીને ટ્રક મળતી નથી કે ટ્રક-ડ્રાઇવરને જોઈતું ભાડું મળતું નથી. જોકે હવે તેમની આ સમસ્યાનું નિરાકરણ મોબાઇલ ઍપમાં જ મળી જશે. કચ્છ સાંધવના વતની હાલે મુલુંડના શારીરિક રીતે અક્ષમ ચેતન દિનેશ રામજી લોડાયાએ 'ટ્રેકેટ ટ્રાન્સપોર્ટ માર્કેટ' નામની મોબાઇલ ઍપ્લિકેશન બનાવી છે જે ઉદ્યોગજગત માટે સંજીવની બુટીનું કામ કરશે. આ ઍપનું તા.૧ લી મે સોમવારે મહારાષ્ટ્ર ડેના દિવસે લોકાર્પણ કરવામાં આવશે. એનો લાભ મહારાષ્ટ્ર અને ગુજરાતના મેન્યુફેક્ચરરો, વેપારીઓ અને લોજિસ્ટિક કંપનીઓની સાથે ટ્રાન્સપોર્ટ કંપનીઓ પણ લઈ શકશે. ઍપના સર્જકનો દાવો છે કે આ ભારતની પહેલી ટ્રાન્સપોર્ટ માર્કેટ મોબાઇલ ઍપ છે.

'ટ્રેકેટ ટ્રાન્સપોર્ટ માર્કેટ' મોબાઇલ ઍપ દરેક ઉદ્યોગનો ટ્રાન્સપોર્ટનો પ્રોબ્લેમ સોલ્વ કરી શકશે એમ જણાવીને ચેતન લોડાયાએ કહ્યું કે 'ટ્રેકેટ ટ્રાન્સપોર્ટ માર્કેટ મોબાઇલ ઍપ એક એવી ઍપ છે જેનાથી ટ્રાન્સપોર્ટ સંબંધી બધા જ પ્રોબ્લેમના સોલ્યુશન મળી રહેશે. આ ઍપથી વેપાર-ઉદ્યોગનો સમય, કોસ્ટ, અફોર્ડ ઘટશે અને તેમના કામની એફિશ્યન્સી વધશે. આ ભારતની પહેલી ટ્રાન્સપોર્ટ માર્કેટ મોબાઇલ ઍપ છે. આ ઍપથી માલ, ટ્રક કે ટેમ્પોની અપડેટ અને એનું સ્ટેટસ મોબાઇલ પર જ જોઈ શકાશે. આ આખી પેપરલેસ પ્રોસેસ છે. એમાં એવાં ઘણાં યુનિક ફીચર્સ છે જે વેપાર-ઉદ્યોગ અને ટ્રાન્સપોર્ટ કંપનીઓની ઘણીબધી પ્રોસેસ સિમ્પલ કરી શકશે.  અત્યારે આ ઍપથી ભિવંડી, નવી મુંબઈ અને ન્હાવા શેવાથી ભારતભરમાં માલ કે તૈયાર ઉત્પાદનો લઈ જવા ટ્રકો મળી સહેલાઈથી રહેશે.'

વેપારીઓ, મેન્યુફેક્ચરરો અને ટ્રક-ડ્રાઇવરો આ ઍપને ગૂગલ પ્લેથી ડાઉનલોડ કરી શકશે એમ જણાવતાં ચેતન લોડાયાએ કહ્યું હતું કે ટ્રેકેટનું વિઝન ભારતના બધા જ ઉદ્યોગપતિ વેપારીઓ અને મેન્યુફેક્ચરર્સ માટે વેલ ઑર્ગેનાઇઝ્ડ અને ડિસિપ્લિન ડિજિટલ ટ્રાન્સપોર્ટ માર્કેટ પ્રદાન કરવાનું છે. આ મોબાઇલ ઍપ્લિકેશનની પ્રોસેસની માહિતી આપતાં ચેતન લોડાયાએ કહ્યું હતું કે 'એક ઉદાહરણ તરીકે કોઈ પ્રકાશન ગૃહને એનાં અખબારો એના પ્રિન્ટિંગ હાઉસથી નાશિક મોકલવાં છે તો એના માટે એ પહેલાં ટ્રેકેટ ઍપ ડાઉનલોડ કરશે. પછી એ બુકિંગ પર ક્લિક કરીને એ પોસ્ટમાં ઓછામાં ઓછી ત્રણ વિગતો જેવી કે પિક-અપ લોકેશન, ડ્રોપ લોકેશન અને કઈ ટ્રક જોઈએ છે એ સિલેક્ટ કરીને એ પોસ્ટ કરી શકે છે. એની સાથે તેઓ તેમની ડિલિવરી ડેટ અને તેમને કેટલામાં જોઈએ છે એના પણ ઑપ્શન ઍપ્લિકેશનમાં છે. આ સિલેક્ટ થયા પછી જે ટ્રાન્સપોર્ટરની ટ્રક મુંબઈની બહારથી કે નાશિકથી આવી હશે તેઓ રિટર્ન લોડ લેવા માટે તેમની બિડ નાખશે. ફાસ્ટેસ્ટ ડિલિવરી, સારું રેટિંગ અને સૌથી સસ્તી એમ ત્રણ પેરામીટર જોઈને પોતાની બિડ કન્ફર્મ કરશે. ત્યાર પછી મોબાઇલ પર ગાડી લોડિંગથી ડિલિવરી સુધીનું સ્ટેટસ ઍપ પર જોઈ શકશે. ટ્રિપ પૂરી થતાં રાઇટ હિસ્ટરીમાં અનુભવનું રેટિંગ આપશે. જે રેટમાં બિડ કન્ફર્મ કરશે પ્લસ જીએસટી ટ્રક જેવી નાશિક પહોંચશે ત્યારે એના વૉલેટમાંથી એટલી રકમ કપાઈ જશે અને ટ્રકના માલિકના વૉલેટમાં એ રકમ જમા થઈ જશે. આમ પ્રકાશન ગૃહને અનઑર્ગેનાઇઝ્ડ ટ્રાન્સપોર્ટ સેક્ટરમાં એના માલની સેફ્ટી, ડિલિવરી સમય અને કોસ્ટ એફિશ્યન્સી જેવા ફાયદા થશે.'

આ સેવા લોડ પ્રોવાઇડર માટે સંપૂર્ણ ફ્રી રહેશે એમ જણાવતાં ચેતન લોડાયાએ કહ્યું હતું કે 'ટ્રકમાલિકો માટે એક વર્ષનું સબસ્ક્રિપ્શન ૨,૫૦૦ રૂપિયા પ્લસ જીએસટી રહેશે. ભારતનાં વિવિધ શહેરોમાં કોઈને પાર્ટનર મોડ્યુલ જોઈતું હોય તો તે પણ ૨૫,૦૦૦ રૂપિયા ભરીને બની શકશે. આ બાબતની વધારે વિગતો  તેઓ www.traket.in પર અથવા ૯૩૨૦૨ ૬૧૫૧૧ નંબર પર સંપર્ક કરીને મેળવી શકશે.'

**ટ્રક નથી મળતી કે પછી જોઈતું ભાડું નથી મળતું? એનો ઉકેલ આ એપ્લિકેશન કરશે**

# ભાવભરી શ્રદ્ધાંજલિ



કચ્છ સુથરી

હાલે જૂહુ

# સ્વ.તરૂણભાઈ ધનજી ધરમશી

**પ્રભુ સમીપે : તા. 03-૫-૨૦૨૨**

આપની પરોપકારની ભાવના, શાંત-પ્રેમાળ-માયાળુ સ્વભાવ, સામાજીક ક્ષેત્રે અને ધાર્મિક ક્ષેત્રેના દરેક કાર્યોમાં સહભાગી થઇ તન-મન-ધનથી સેવા કરનાર એટલે **શ્રી તરૂણભાઈ**

અંજલિ આપતાં હૈયું તૂટે છે... શ્રધ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે...

કુદરતના ખજાનાને ખોટ પડે છે... ત્યારે ધરતીના મધમધતા ફૂલો ચૂંટે છે...

સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી?વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી?

પ્રભુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**શ્રદ્ધાસુમન**

## શ્રી ભલારાદાદા ટ્રસ્ટ, લાલપુર

# શ્રી ભલારાદાદા મંદિર તેરાનો ધ્વજારોહણ, પહેડી મહોત્સવ હર્ષોલ્લાસ સાથે સંપન્ન









વૈશાખ સુદ ૫ તા.૨૪ એપ્રિલ સોમવારના રોજે શ્રી ભલારાદાદા ટ્રસ્ટ તેરા સંચાલિત તેરા મંદિર સ્થાનકે ધ્વજા, પહેડી તથા પ્રસાદનો લાભ માતુશ્રી સુશીલાબેન ડુંગરશી મૂળજી મોતા પરિવાર તેરાવાળા હસ્તે ભૂપેન્દ્રભાઈ (રાજુભાઈ) તેમજ કેતનભાઈ મોતા એ લીધેલ. લાભાર્થી પરિવારજનો, ભલારા દાદાના ભુવા ભરતભાઈ ભવાનજી લોડાયા, મોટી સિંધોડી ટ્રસ્ટીઓ અજીતભાઈ માલશી લોડાયા, નરેન્દ્ર લાલજી ખોના, રાજેશ કાનજી લાલકા, વડોદરા સહિત ઘણા ભાવિકો ઉપસ્થિત રહ્યાં હતાં. ધ્વજારોહણ અગાઉ સંપન્ન થયેલ સ્થાનકના રંગરોગાનના લાભાર્થી માતુશ્રી માંકબાઈ લક્ષ્મીચંદ ત્રિકમજી સોની પરિવાર વાંકુ હતા. કેડીઓ દીપ વોટસએપ ગ્રુપમાં મૂકાયેલ અપીલ બાદ તરત જ મંદિરના ગેટથી મંદિર સુધી સ્ટેન્ડ સાથે છાપરાના દાતા માતુશ્રી ગુણવંતીબેન કાનજી લાલકા તેરા છે. જે કાર્ય ટૂંકમાં પૂર્ણ થશે.

# પ.પૂ.મુનિરાજશ્રી પ્રિયંકરસાગરજી મ.સા.નો સંયમ જીવનના ૩૯મા વર્ષમાં પ્રવેશ



વૈશાખ સુદ ૯ તિથિ દિને વિક્રમ સંવત ૨૦૪૧ના કચ્છ ગામ મંજલ રેલડિયાના માવિત્ર રશ્મિનબેન હિરાચંદભાઈ રતનશી ગાલાના ધર્મ સંસ્કારીને ગુણવાન પુત્ર નાંગલપુર નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ને હસ્તે દીક્ષા ગ્રહણ કરી ગુરૂ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના શિષ્ય થઈ સંયમ જીવનના પંથે વિચરણ પ્રારંભ કર્યો.

આજે વૈશાખ સુદ ૯ તિથિ વિક્રમ સંવત ૨૦૭૯ના દિને પૂજ્ય સાહેબ સંયમ જીવનના ધર્મ આરાધના, તપ, ત્યાગના ૩૮ વર્ષ પૂર્ણ કરી અદ્ભૂત અને અનન્ય ૩૯મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આજ દિને પૂજ્ય સાહેબના આગામી વર્ષો ભાવિક ભક્તજનોના આત્મકલ્યાણ કરતાં સુવર્ણ, હીરક, અમૃત વર્ષ પસાર થઈ શતક વર્ષે બિરાજમાન થાય એ મંગલ કામના સાથે સહર્ષ શુભકામના.

# પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા.એ સંયમ જીવનના ૫૬મા વર્ષમાં પ્રવેશ કર્યો



વૈશાખ સુદ ૭ વિક્રમ સંવત ૨૦૨૪ના તિથિ દિને કોઠારા-સાંયરાના માવિત્ર માતુશ્રી લક્ષ્મીબેન લખમશીભાઈ રતનશી દંડના ધર્મતપ આરાધના લિપ્ત પુત્રી મોટા આસંબિયા ગામે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી. સંયમ જીવન પથે ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે વિચરણ શરૂ કર્યુ.

આજે વિક્રમ સંવત ૨૦૭૯ વૈશાખ સુદ ૭ તિથિ દિને પૂજ્ય સાહેબ સકુશળ સંયમ જીવનના ૫૫ વર્ષ તપ, ત્યાગ, આરાધના અને ધર્મ મગ્નમય થઈને પૂરા કરી ૫૬મા વર્ષમાં પ્રવેશ કર્યો. આગામી સમયે સાહેબજી સંયમ જીવનના અમૃત વર્ષ વળોટી શતક વર્ષના શિખરે બિરાજે એ જ અંતરકામના સાથે શત શત વંદના સહશુભકામના.

## ધૈર્ય શૈલેષ નાગડાને સોશિયલ મીડિયા માર્કેટિંગ અને મેનેજમેન્ટ માટે એવોર્ડ મળ્યો



વારાપધ્ધર-મુલુંડના ધૈર્ય શૈલેષ જેઠાલાલ નાગડાને થાણાના કોર્પોરેટર પૂર્વેશ પ્રતાપ સરનાઈક દ્વારા થાણા ખાતે આયોજિત મેગા ટ્રેડ એન્ડ એન્ટરટેઈનમેન્ટ ફેર સમર વન્ડરલેન્ડના ઉત્કૃષ્ટ સોશ્યલ મીડિયા માર્કેટિંગ અને મેનેજમેન્ટ માટેના એવોર્ડ રાજ્યના મુખ્યમંત્રી એકનાથ શિંદેના હાથે મળ્યો.

આ સિધ્ધિ પ્રાપ્તિ બદલ હાર્દિક અભિનંદન. સાથે આગામી સમયમાં કારકિર્દીના ઉચ્ચતમ શિખરો સર કરો એજ શુભેચ્છા.

## મનીષ કિશોરચંદ્ર મોતાની મહારાષ્ટ્ર ગર્વનરના મેડિકલ પેનલમાં નિમણૂંક થઈ



રાયધણજર-ભાંડુપના નગરશેઠ પરિવારના મનીષ કિશોરચંદ્ર દામજી મોતાની મહારાષ્ટ્ર રાજ્યના ગર્વનર રમેશજી બૈસની મેડિકલ પેનલમાં નિમણૂંક થઈ છે. આ ગૌરવમાનથી ભાંડુપ નગરનું ગૌરવ વધ્યું છે અને સમસ્ત દશાઈ નાતનો ડંકો વાગ્યો છે. આ ઉચ્ચ સ્તરની મેડિકલ પેનલમાં નિમણૂંક પામવા બદલ સહર્ષ અભિનંદન.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ભાવભીની શ્રદ્ધાંજલિ



## સ્વ. તરૂણ ધનજી ધરમશી ઉ.વર્ષ - ૬૪

**(સ્વર્ગવાસ : તા.૦૩-૦૫-૨૦૨૨)**

ગામ : કચ્છ, સુથરી - હાલે : જુહૂ

આપ હતાં પરિવારના બાગબાન,
આપની હસ્તી હતી શીતળ છાયા સમાન,
નાના-મોટા સહુના હૃદયમાં આપે કર્યો હતો વાસ,
સદાય મહેંકતી રહેશે આપની સ્મૃતિઓની સુવાસ
**આપના પરમ આત્માને પ્રભુ પરમશાંતિ અર્પે**
**એજ પ્રાર્થના**

-:: શ્રદ્ધાસુમન ::-

## માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા-પરિવાર

(રાપરગઢવારી-કચ્છ)

# ફિલ્મ સંશોધક, વીરચંદ ધરમશીને અંજલી આપતા પુસ્તક 'અવનવ'નું લોકાપર્ણ કરાયું








ધી એશિયાટિક સોસાયટી ઓફ મુંબઈ દ્વારા ગુરૂવાર, તા.૬ એપ્રિલ ૨૦૨૩ના સ્મૃતિશેષ થયેલ ફિલ્મી સંશોધક ઈતિહાસકાર વીરચંદ કલ્યાણજી ધરમશી, સુથરી-નવી મુંબઈની સ્મૃતિમાં તેમની શોધ-સંશોધન લેખોનો સંગ્રહ અવનવ નામથી ડૉ.હેમંત દવે દ્વારા સંપાદિત થયેલ પુસ્તકનું લોકાપર્ણ તા.૨૭ એપ્રિલ ગુરૂવારના જાણીતા આર્ટિસ્ટ અતુલ ડોડિયાના હસ્તે ધી એશિયાટિક સોસાયટી ઓફ મુંબઈના દરબાર હોલમાં કરાયું.

આ કાર્યક્રમના ચીફ ગેસ્ટ ASMના પ્રેસિડન્ટ પ્રો.વિસ્પી બાલાપોરિયા હતા. સ્વ.વીરચંદ ધરમશી ૧૯૬૬થી એશિયાટિક સોસાયટીના સભ્ય હતા. તેમણે તેમનું બીજું ઘર અહીં બનાવ્યું હતું અને સતત અહીં પોતાના સંશોધન કાર્યમાં રત રહેતા હતા. પ્રમુખ સ્થાનેથી વિસ્પી બાલાપોરિયાએ વીરચંદ ધરમશીના સંભારણાઓને સ્મૃત કર્યા હતા. અમે તેમને સતત કાર્ય મગ્ન જોયા છે. તેઓ હજી પણ અત્રે છે એવા સતત ભણકારા અમને થાય છે. તેમનું જતન સંભાળપૂર્વક કર્યું તેમની માટે મોટા મોટા પ્લાન કર્યા હતા પણ જગત નિયંતા પાસે તેમને લાયક અન્ય યોજનાઓ હતી. આજે પણ અમે તેમને ૨૦-૩૦ વર્ષ પહેલાના અખબારો સંશોધન સામગ્રી શોધી રહેતા જોઈ રહ્યાં છીએ. તેમની સતત હાજરી અમારી માટે સુખદ ભરી રહેતી હતી. આજનો દિવસ દુઃખ ભર્યો સંભારણું છે સાથો સાથ વીરચંદભાઈને અંજલીની ઉજવણી રૂપે પણ છે.

તેમના ૪૦ વર્ષ જૂના મિત્ર સુપ્રસિદ્ધ ચિત્ર કલાકાર અતુલ લોડાયા દ્વારા પુસ્તકનું લોકાપર્ણ કરાયું. પુસ્તક સંપાદક ડૉ. હેમત દવે એ 'આ પુસ્તકમાં વીરચંદ ધરમશીના લેખો, પુરાત્વ શાસ્ત્ર, પારસી થિયેટર સાયલન્ટ મૂવીમાં ગુજરાતીઓનું યોગદાન અને ૧૧મી સદીથી લઈને અતુલ ડોડિયા જેવા સમકાલીન કલાકારો સુધીના ગુજરાતીઓ પર કેન્દ્રિત કલા ઇતિહાસને આવરી લેવાયો હોવાનું જણાવ્યું હતું તેઓ ઘણા ગુજરાતી ચિત્રકારોને અગંત રીતે ઓળખતા હતા. તેઓ ખરેખર ગુજરાતી વિદ્વાનોમાં સ્થાન મેળવવાને લાયક છે. તેઓ કચ્છી, ગુજરાતી, જૈન આવા સંકુચિત વાડાથી ઉપર હતા.'

અતુલ ડોડિયાએ પોતાની ૧૬ વર્ષની ઉંમરે વીરચંદભાઈ સાથે પ્રથમવાર મુલાકાત થયેલ તેની યાદ તાજી કરી હતી. છેલ્લાં ૨૫-૩૦ વર્ષથી દર રવિવાર અમે મળતાં હતા. તેમને કલા, સાહિત્ય, સિનેમા, ફિલોસોફી, ફોટોગ્રાફી, નૃવંશ શાસ્ત્રી, પુરાત્વ સ્થાપત્ય સંગીત અને થિયેટરમાં ઊંડો રસ હતો. મને તેમની પાસેથી ઘણું શીખવા મળ્યું છે.

વર્ષ ૨૦૧૨માં એશિયાટિક સોસાયટીએ પ્રથમ ભારતીય પુરાતવિધ ભગવાનલાલ ઈંદ્રજી પરના તેમના પુસ્તક માટે વીરચંદ ધરમશીને સિલ્વર મેડલ એનાયત કરી સન્માનિત કર્યા હતા. વિરચંદભાઈનો અભ્યાસ માત્ર સાત ધોરણ સુધીનો હતો પણ સંશોધન ક્ષેત્રમાં પુસ્તકિયા કીડા બની તલ સ્પર્શી સાહિત્ય લેખોનું પ્રદાન આપ્યું. તેઓ એવા સમયે મોટા થયા જ્યારે બૌધિક વાતાવરણ પ્રોત્સાહક ન હતું. પરંતુ ઔપચારિક શિક્ષણમાંથી બહાર નીકળીને એક અવિરત ચાલનાર અને ઓરિએન્ટાલિઝમ પર ઉત્સાહપૂર્વક વાંચન કર્યું. મૂંગી ફિલ્મોના સ્ક્રિપ્ટો એકત્રિત કરી અને સાયલન્ટ યુગના સ્ટાર્સના ઈન્ટરવ્યુ પણ લીધા ધરમશીએ આમ અવનવ (ગુજરાતીમાં વિશિષ્ટ) જીવન જીવ્યું. છેલ્લે તેમના પુત્ર તાત્સુ વીરચંદ ધરમશી એ પિતાના ધ્યેય, લગ્ન સંબંધિત એક ઘટના કહી સંભળાવી હતી. 'જ્યારે તેઓ લગ્ન વિષયક ચર્ચા કરવા માટે મારી માતાને પહેલીવાર મળ્યા ત્યારે જ તેમણે સ્પષ્ટ રીતે કહ્યું હતું કે મારા પુસ્તકો મારી પ્રથમ પત્ની છે. તમે મારા જીવનમાં બીજી પત્ની બનશો. પણ હું તમને છેવટ સુધી નહીં છોડું. આ વચન, આ વફાદારી તેમણે પૂરી કરી.' છેલ્લે તેમના દોહિત્રી ભૂમિ જયેશ શાહ (લોડાયા), પરજાઉ-અમદાવાદ એ વ્હાલા નાના ના સ્મરણો ભાવપૂર્વક યાદ કર્યા હતા.

# Anumodana

## Sanjivani Case - 100

**Name: Mr. Hemant N Lapasia ( Shah )    Age - 48    Gaam: Daltungi -(Hal: Bangalore)**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Emerald Patrons** | |
| Matushri Kasturibai Visanji Dharamshi and Matushri Ratanbai Narshi Dharamshi,Suthari-Mulund H: HD Fire Protect Pvt. Ltd. | 10,000.00 |
| **Gold Patrons** | |
| Shri Manish Pravin Momaya, Varadia, Coimbatore | 2,000.00 |
| Matushri Nalini Gulabchand Poladia (Shah), Bayath, Thane | 2,000.00 |
| Matushri Gunvanti Laxmichand Luthia , Raydhanjar, Kolkatta | 2,000.00 |
| Adv. Smt. Minal Bharat Khona, Suthri Navi Mumbai | 2,000.00 |
| Shri Chimanlal Hirji Khona, Naliya , Matunga | 2,000.00 |
| Shri Ramesh Trikamji Soni, Vanku, Wadala | 2,000.00 |
| Shri KDO Jain Sarvoday Mandal, Mulund , Mumbai | 2,000.00 |
| Late Shri Hemchandbhai Kunverji Dharamshi ( H: Shri Kunverji Jethalal Dand Family) Suthri , Ahmedabad | 2,000.00 |
| Parab Shakti Sanjivani Society, Mumbai | 2,000.00 |
| Shrimati Yashwanti Chandrakant Lodaya & Shri Chandrakant Damji Lodaya, Kothara, Mulund | 2,000.00 |
| Shrimati Prabhaben Punamchand Laxmichand Dharamshi, Hubli | 2,000.00 |
| **Silver Patrons** | |
| Shri Mitesh Madhukant Dharamshi, Kothara, Gandhidham (Kutch) | 1,500.00 |
| Shri Mahesh Khimji Lalka, Varapadhar, Adipur(Kutch) | 1,500.00 |
| Shri Bharat Mulji Meisheri, Jakhau, Mulund, Mumbai | 1,500.00 |
| Smt. Javerben Kunverji (Ramesh) Mota, Rapatr, Mulund,Mumbai | 1,500.00 |
| Matushri Bayabai Shamji Mota, Sukhpur, Lonavala (H: Prashantbhai,Hemantbhai & Jayantbhai) | 1,500.00 |
| Matushri Maniben Ramji Shah (Lodaya) Nani Khavdi , Sangli | 1,500.00 |
| Shri Hiren Umarshi Nagda & Family, Boston , USA | 1,500.00 |
| Matushri Lilavantiben Kunverji Dharamshi, Kothara, Navi Mumbai | 1,500.00 |
| Matushri Mankbai Laxmichand Shoney ( H: Shri Naresh L. Shoney) Vanku, Ghatkopar | 1,000.00 |
| Shri Dhirendra Anandji Khona Charitable & Memorial Trust, Sandhav, Kutch | 1,000.00 |
| Matushri Tejbai Lalji Shah (Lodaya) ( H: Arvind Lalji Shah), Varapadhar, Gandhidham | 900.00 |
| **Individual Donors** | |
| Shri Ashish Budhidhan Momaya, Varadiya - Salem | 10,000.00 |
| Shri Ajay Dharamshi | 2,000.00 |
| Shri Rajendrakumar Umarshi Desai, Sayera - Raichur | 1,000.00 |
| Shri Jitesh Sharadchandra Momaya , Sayra - Adipur | 500.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.Kdosm.org    Email: Seva@Kdosm.org    Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

## Anumodana

| Sanjivani Case - 101 | |
|---|---|
| Name : Mr. Amish Chimanlal Lodaya, Age : 51 yrs. Village: Bayath | |
| Shri Anantnathji Jain Temple & it's Sadharan fund Trust, Mumbai | 9,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Mumbai | 15,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Virji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri KDO Masjid Bunder Jain Sangh, Mumbai | 2,500.00 |
| **Individual Donors** | |
| Well Wisher | 41,000.00 |
| Shri Rushabh Girish Shah ( Dand ), Lala - Ahmedabad | 15,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Shrimati Nita Mahendra Poladia | 2,501.00 |
| Well Wisher | 2,500.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Andheri | 1,000.00 |
| Shri Rohit Jivraj Poladia | 250.00 |
| Well Wisher | 202.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

## Anumodana

| Sanjivani Case - 102 | |
|---|---|
| Name : Mrs. Rajeev Kiran Dharamshi, Age : 41 yrs. Village: Naliya (Haal: Indore) | |
| Shri Anantnathji Jain Temple & it's Sadharan fund Trust, Mumbai | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Mumbai | 15,000.00 |
| **Uranium Patrons** | |
| Matushri Laxmiben Hirji Virji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Emerald Patrons** | |
| Matushri Kasturibai Visanji Dharamshi and Matushri Ratanbai Narshi Dharamshi,Suthri -Mulund H: HD Fire Protect Pvt. Ltd. | 10,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Matushri Vijayaben Shantilal Jethabhai Meisheri, Lala,Mulund,(Dubai), H: Tileshbhai & Nileshbhai | 10,000.00 |
| Shri KDO jain Samaj, Vadodara | 2,500.00 |
| **Individual Donors** | |
| Well Wisher | 41,000.00 |
| Shrimati Alpa Gautam Dharamshi, Kothara - Banglore | 10,000.00 |
| N V Dand & Associates | 10,000.00 |
| Well Wisher | 2,500.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 2,500.00 |
| Well Wisher | 1,500.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Andheri | 1,000.00 |
| Shri Lalji Velji Lodaya, Varapadhar - Dombivli | 1,000.00 |
| Shrimati Sarla Lalji Velji Lodaya, Varapadhar - Dombivli | 1,000.00 |
| Shri Pradip Kumar V. Sayla, Vapi | 1,000.00 |
| Shri Nitin Raichand Shah, Suthri - Bhandup | 500.00 |
| Well Wisher | 202.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

## Sanjivani Case - 103

**Name : Shrimati Tarabai Khimji Lapasiya, Age : 83 yrs. Village: Daltungi (Haal: Bhandup)**

| | |
|---|---|
| Shri Anantnathji Jain Temple & it's Sadharan fund Trust, Mumbai | 25,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Mumbai | 50,000.00 |
| **Uranium Patrons** | |
| Matushri Laxmiben Hirji Virji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Emerald Patrons** | |
| Matushri Kasturibai Visanji Dharamshi and Matushri Ratanbai Narshi Dharamshi,Suthri -Mulund H: HD Fire Protect Pvt. Ltd. | 10,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri KDO Jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shri D.B.K.D.O Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri KDO Masjidbunder Jain Sangh, Mumbai | 2,500.00 |
| Shri KDO jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Gandhidham | 1,000.00 |
| Matushri Vijayaben Shantilal Jethabhai Meisheri, Lala,Mulund,(Dubai), H: Tileshbhai & Nileshbhai | 25,000.00 |
| Matushri Purbai Lakhamshi Lalka Charitable Trust, Kutch | 2,500.00 |
| M/s. Deluxe Logistics Pvt. Ltd. (Shri Kirti D. Dharamshi) | 2,000.00 |
| **Platinum Patrons** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 2,500.00 |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 2,500.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 2,500.00 |
| **Daimond Patrons** | |
| Shrimati Jayuben Ramesh Momaya, Naliya, Atlanta | 2,500.00 |
| Matushri Damyantiben Champshi Lodaya, Sandhav, Ghatkopar, Mumbai | 2,500.00 |
| Late Matushri Bhanumati Manilal Dhulla & Late Shri Manilal Shivji Dhulla ,Suthri - Mulund (H:Nirenbhai Shah) | 2,500.00 |
| Late . Kumar Dhaval Mayur Lodaya , Motikhavdi, Ghatkopar ( H: Jayaben Motilal Lodaya Pariwr ) | 2,500.00 |
| Shree KDO Classic Foundation, Mumbai | 2,500.00 |
| Kumari Chandni Milan Maheshwari, Jakhau - Pune | 2,500.00 |
| Shrimati Hansha Shah,Naliya, Mahalaxmi ( H: Nirupamaben) | 2,500.00 |
| Well Wishers (Ek Sadgrahasth) | 2,500.00 |
| Shrimati Rita Manikant Lodaya | 2,500.00 |
| Late Shrimati Hemlata Mulchand Nagda (H: Shri Bhavin T. Nagda) Tera, Mumbai | 2,500.00 |
| Late Shri Mulchand Visanji Nagda (H: Shri Manikant Visanji Nagda) Tera, Mumbai | 2,500.00 |
| Shri Hans B. Khimji, Tera, Matunga | 2,500.00 |
| Shrimati Neetaben Jaldeep Daulat, Las Vegas, USA | 2,500.00 |
| Matushri Laxmiben Javerchand Dharamshi (H: Yogita Dhirish Dharamshi)Kothara, Bijapur | 2,500.00 |
| Matushri Manibai Champshi Luthia & Shri Champshi K. Luthia, Raidhanjar | 2,500.00 |
| Shri Pratap P. Dharamshi ( H: Anjana P. Dharamshi ), Mumbai | 2,500.00 |

| | |
|---|---|
| Shri Pratap P. Dharamshi ( H: Anjana P. Dharamshi ), Mumbai | 2,500.00 |
| Shri Shirishbhai Devji Nagda & Smt. Manishaben Shirish Nagda, Rangpur - Coimbatore ( H: Rahul & Aarti, Sandeep & Debor | 2,500.00 |
| Master Vihaan Pratik Dand ( H: Hirahand Damji Dand - Manjal Reladia - Mumbai | 2,500.00 |
| **Gold Patrons** | |
| Matushri Nalini Gulabchand Poladia (Shah), Bayath, Thane | 2,000.00 |
| Shri Manish Pravin Momaya, Varadia, Coimbatore | 2,000.00 |
| Adv. Shrimati. Minal Bharat Khona, Suthri Navi Mumbai | 2,000.00 |
| Matushri Gunvanti Laxmichand Luthia , Raydhanjar, Kolkatta | 2,000.00 |
| Shri Chimanlal Hirji Khona, Naliya , Matunga | 2,000.00 |
| Shri Ramesh Trikamji Soni, Vanku, Wadala | 2,000.00 |
| Matushri Velbai Devji Khona, Arikhana, Ahmedabad | 2,000.00 |
| Shri Khirendra Govindji Lodaya ( H: Usha K. Lodaya) Naliya , Vadodara | 2,000.00 |
| Matushri Dhanbai Premji Narpar Shah (Lodaya) (H: Tejal Rajesh Shah) Moti Sindhodi, Wadala | 2,000.00 |
| Smt. Manorama Naresh B. Momaya ( H: Smt. AnaghaVikash Shah & Parag N. Shah) Naliya , Ghatkopar | 2,000.00 |
| Late Kum. Meetal Mahesh Lodaya ( H: Shri Mahesh Chatrabhuj Lodaya), Rapar Gadhwari, Ahmedabad | 2,000.00 |
| Shri Sushilbhai Laxmichand Shah, Manjal Reladia, Matunga, Mumbai | 2,000.00 |
| Late Shrimati Jhamkuben Hemchandbhai Dharamshi ( H: Shri Dilip Kunverji Dand) Suthri, Ahmedabad | 2,000.00 |
| Shri KDO Jain Sarvoday Mandal, Mulund , Mumbai | 2,000.00 |
| Shri Manish Hirji Shah, Sujapur, Dadar | 2,000.00 |
| Late Shri Hemchandbhai Kunverji Dharamshi ( H: Shri Kunverji Jethalal Dand Family) Suthri , Ahmedabad | 2,000.00 |
| Parab Shakti Sanjivani Society, Mumbai | 2,000.00 |
| Shrimati Yashwanti Chandrakant Lodaya & Shri Chandrakant Damji Lodaya, Kothara, Mulund | 2,000.00 |
| Shrimati Prabhaben Punamchand Laxmichand Dharamshi, Hubli | 2,000.00 |
| Late Shri Hemraj Lalji Meisheri, Jakhau - Pune | 2,000.00 |
| Matushri Jayavati Hemraj Meisheri, Jakahu - Pune | 2,000.00 |
| Shrimati Anita Jivraj Lodaya (Haste Kiyan Mikhil Lodaya) Moti Khavdi, Thane | 2,000.00 |
| Matushri Madhuben Hirachand Dand ( Haste: Ritesh H. Dand ) Lala, Mulund, Mumbai | 2,000.00 |
| Matushri Maniben Ramji Lodaya , Nani Khavdi , Sangli | 2,000.00 |
| Sanghviratna Shri Virendra Raghavji Lodaya, Ahmedabad | 2,000.00 |
| Sanghmata Bhartiben Bhagchand Damji Jain Pariwar, (H:Jayesh Jain), Kothara, Mulund | 2,000.00 |
| Late Matushri Manbai Malshi Mota & Pitashri Malshi Kalyanji Mota ( H: Kalpnaben Raichand Mota, Kuvapadhar - Salem) | 2,000.00 |
| Shrimati Damyantiben & Dilipbhai Kunverji Dand, Varadiaya (Ahmedabad) | 2,000.00 |
| Shri Nitin Ratilal Lodaya, Coimbatore | 2,000.00 |
| Shrimati Rekhaben Virendra Lodaya ( Shah ), Varadia - Juhu | 2,000.00 |
| Shrimati Deenaben Janak Daulat , Suthri - U.S.A. | 2,000.00 |
| Matushri Ratanbai Jethabhai Chheda, H: Pinakinbhai J. Chheda, Naliya - Mulund | 2,000.00 |
| Master Parth Ami Deepak Meisheri ( H: Smt. Rita Manikant Lodaya), Jakhau - Mulund | 2,000.00 |
| Shrimati Jayaben Nirenbhai Nagda Nagda, Tera ( U.S.A ) | 2,000.00 |

| Silver Patrons | |
|---|---|
| Matushri Ratanben Rayshi Mota & Matushri Gunvantiben Khimji Meisheri, Nani Sindhodi, Raipur | 1,500.00 |
| Shri Vasantbhai Karamshi Vikamshi, Jakhau, Dadar | 1,500.00 |
| Shrimati Priti & Dhananjay Shah, Naliya, Matunga | 1,500.00 |
| Matushri Mankbai Laxmichand Shoney ( H: Shri Naresh L. Shoney) Vanku, Ghatkopar | 1,500.00 |
| Matushri Gunvantiben Umarshi Lodaya, Tera, Karanja (Lad) | 1,500.00 |
| Matushri Lilavantiben Kunverji Dharamshi, Kothara, Navi Mumbai | 1,500.00 |
| Shri Mulji Raghavji Lodaya, Sandhav, Dadar | 1,500.00 |
| Matushri Laxmiben Bhavanji Lodaya ( H: Shri Virendra B.Lodaya) Naliya, Mulund, Mumbai | 1,500.00 |
| Shri Laxmichand Ratansey Khona, Suthri, Vileparle, Mumbai | 1,500.00 |
| Matushri Madhuriben Bhavanji Lodaya, Kothara, Chalisgaon | 1,500.00 |
| Shrimati Tarabai Laherchand Nagda, Naliya , Ghatkopar | 1,500.00 |
| Shrimati Javerben Kunverji (Ramesh) Mota, Rapatr, Mulund,Mumbai | 1,500.00 |
| Shrimati Nilamben Narendrabhai Lalka, (New York) | 1,500.00 |
| Matushri Bayabai Shamji Mota, Sukhpur, Lonavala (H: Prashantbhai,Hemantbhai & Jayantbhai) | 1,000.00 |
| Shri Hiren Umarshi Nagda & Family, Boston , USA | 1,000.00 |

| Individual Donors | |
|---|---|
| Well Wisher | 51,000.00 |
| Shrimati Alpa Gautam Dharamshi, Kothara - Banglore | 20,000.00 |
| Shri Milan Hemraj Maheshwari, Jakhau - Pune | 20,000.00 |
| Shrimati Kashmira Jitendra Maheshwari, Mumbai | 11,000.00 |
| Shri Motichand Lalji Khona , Naliya - Mulund | 10,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 7,500.00 |
| Shri Ajit Premchand Lodaya, MotiKhavdi - Matunga | 5,000.00 |
| Shri Siddharth Lodaya | 3,000.00 |
| Well Wisher | 2,500.00 |
| Shrimati Lilavantiben Navinchandra Lodaya, Nani Khavdi - Coimbatore | 2,500.00 |
| Shri Hanskumar Laxmichand Chheda, Sujapar - Bhandup | 2,500.00 |
| Shri Vishal Padamshi Lalka, Gandhidham | 2,500.00 |
| Shri Chandresh Manilal Khona, Dombivli | 2,100.00 |
| Ek Sadgrihastha | 2,000.00 |
| Well Wisher | 2,000.00 |
| Shri Ketan N Shah | 2,000.00 |
| Shrimati Harsha Vipul Momaya | 1,500.00 |
| Shri Amit Devchand Jain | 1,001.00 |
| Shri Anil Bhavanji Dharamshi, Mumbai | 1,001.00 |
| Matushri Navalben Jetshi Shial, Dlatungi - Dombivli | 1,000.00 |
| Shri Zaverchand Tokarshi Lalka, Ghatkopar | 1,000.00 |
| Shri Pankaj Laxmichand Dharamshi, Bangalore | 1,000.00 |
| Shri Jitesh Sharadchandra Momaya, Sayera - Adipur | 500.00 |
| Shri Nitin Raichand Shah, Suthri - Bhandup | 500.00 |
| Shri Rohit Jivraj Poladia | 250.00 |
| Well Wisher | 202.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

80G સર્ટિફીકેટ

C.S.R.

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO दिव्यांग

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# ડોંબિવલીના પ્રથમ શિખરબધ્ધ શ્રી સુવિધિનાથ જિનાલયના રજતવર્ષના મહોત્સવની પત્રિકાના કંકુ છાંટણા



શ્રી અચલગચ્છ જૈન સંઘ-ડોંબિવલીના શ્રી સુવિધિનાથ જિનાલયના રજતવર્ષના તા.૧૭-૫-૨૦૨૩થી તા.૨૧-૫-૨૦૨૩ સુધીના પંચાન્હિકા મહોત્સવની આકર્ષક પત્રિકાના કંકુ છાંટણાનું કાર્યક્રમ તા.૨૯-૪-૨૦૨૩ને શનિવારે પ.પૂ. સા.શ્રી પરહિતપૂર્ણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં, શાસનરત્ન શ્રી નરેન્દ્રભાઈ નંદુના સથવારે યોજાયેલ. સંઘના આદેશથી પત્રિકાનું લાભ માતુશ્રી રતનબેન દેવજી સાવલા પરિવાર (બેરાજા)એ લીધેલ. સંઘમાં મહોત્સવનું અનેરૂ આનંદ છે. ઘર ઘર પત્રિકા, તોરણ, મીઠું મોઢું મોકલાઈ રહયા છે.

૫૦૦૦ અધિક પરિવારોમાં અને આ સંપૂર્ણ વ્યવસ્થા જે તે ગામના (કચ્છ-હાલાર) પ્રતિનિધિઓ સંભાળી રહ્યા છે. મહોત્સવના છેલ્લા દિવસે એટલે તા.૨૧ મેના ધ્વજા દિવસે ડોંબિવલીના સમસ્ત જૈનોના ચારે ફિરકાઓ (શ્વેતાંબર-દિગંબર-સ્થાનકવાસી, તેરાપંથી)નું સ્વામી વાત્સલ્યનું આયોજન છે. જિનાલયના પ્રતિષ્ઠા સમયના પ્રમુખ શ્રી કુલીનકાંત પદમશી પીર (સુથરી) હતા અને રજત વર્ષના પ્રમુખ પ્રવિણ ટોકરશી લોડાયા (કોઠારા) છે. જે જ્ઞાતિ માટે ગૌરવ છે.

શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીની ૨૫મી સાલગિરાહની કંકોત્રીનું લેખન અને કુંકુ છાંટણા ભવ્ય ભાવ સાથે થયા. આ અવસરે શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ વતી વીરેન્દ્ર ભવાનજી લોડાયા નલિયા, અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘ વતી રાયચંદ દેવશી જીવાણી જખૌ તથા શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી વતી ચેતન લહેરચંદ નાગડા નલિયા, સહપદાધિકારીઓ આમંત્રણ પત્રિકા લખી કુંકુ છાંટણા કર્યા હતા.

# તિરૂપુર સંઘમાં શ્રી સુવિધિનાથ જૈન દેરાસરમાં પાર્શ્વ પદમાવતી પૂજનની ધર્મ આરાધનાઓ કરાઈ





દક્ષિણ ભારત પ્રાંતના તિરૂપુર નગર સંઘના શ્રી સુવિધિનાથ જૈન દેરાસરમાં તા.૨૮ એપ્રિલ શુક્રવારના પ.પૂ.આ.શ્રી વિમલસાગર મ.સા.ની પાવનકારી નિશ્રામાં પાર્શ્વ પદમાવતી પૂજનનું આયોજન રખાયું હતું. લાભાર્થી રાજીવ બુધ્ધિધન મોમાયા વરાડીયા હાલે તિરૂપુર હતા. વિધિકાર અને સંગીત ટીમ બેંગ્લોરથી પૂજનની ધર્મ આરાધનાઓ કરવા ખાસ પધારી હતી. સ્વામિવાત્સલ્ય રાજીવ બુધ્ધિધન મોમાયા પરિવાર દ્વારા રખાયો હતો. લગભગ ૩૫૦ જેટલા ભાવિકજનો કાર્યક્રમમાં સહભાગ લીધો હતો.

# પારોલા તીર્થ જિનાલયનો ૧૬૪મો ધ્વજારોહણ મહોત્સવ અદ્ભૂત ભાવ સંગે સંપન્ન






તા.૨૬ એપ્રિલ મંગળવાર રોજે શ્રી ક.દ.ઓ.જૈન સંઘ હસ્તકના પારોલા તીર્થ જિનાલયનો ૧૬૪મો ધ્વજારોહણ મહોત્સવ વિધિકાર ચિરાગભાઈ સંઘોઈ બાડાના સંગાથે વિવિધ ધર્મ આરાધનાઓ ઉત્સાહ અને ઉમંગના વાતાવરણમાં કરાઈ સંપન્ન થયો. સંઘના શ્રાવક શ્રાવિકાઓ સહભાગ લઈ ધન્ય લાભ પામ્યા હતા.










## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# પ.પૂ.સાધ્વીશ્રી હીરગુણાશ્રીજી મ.સા. સંયમ જીવનના ૮ વર્ષ પૂર્ણ કર્યા




કચ્છ સાંધવ ગામના માવિત્ર માતુશ્રી મીનાબેન મણિલાલ પદમશી ખોનાના ધર્મ સંસ્કારી દીકરી વિક્રમ સંવત ૨૦૭૧ના વૈશાખ સુદ ૬ તિથિ દિને ભાંડુપ નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી સંયમ જીવન પથે વિચરણ ગુરૂ પ.પૂ. સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે શરૂ કર્યું.

વૈશાખ સુદ ૬ તિથિ વિક્રમ સંવત ૨૦૭૯ના રોજે પૂજ્ય સાહેબ સંયમ જીવનના ધર્મ, તપ, ત્યાગ અને આરાધનાના અદ્‌ભૂત ૮ વર્ષ પરિપૂર્ણ કરી નવમા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ત્યારે સાહેબનું તપોજીવન દસક વર્ષથી પાર રજત, સુવર્ણથી આગળ વધી શતક વર્ષના શિખરે સફળતાપૂર્વક બિરાજે એ શુભ ભાવના ઈચ્છી શુભકામના આપીએ છીએ શત શત વંદન.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ગુણવંતીબેન લોડાયા**
તા.૨૩ એપ્રિલ (ઉ.૮૪)
બાંઢીયા-કલીકટ



**રાજીવ ધરમશી**
તા.૨૩ એપ્રિલ (ઉ.૪૧)
નલિયા-ઈંદોર



**આશિષ મોતા**
તા.૨૪ એપ્રિલ (ઉ.૪૩)
ભુજપર-અમદાવાદ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**
**Whats App : 93222 57731**
**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# સમસ્ત મહાજનની B2B કમિટીના બિઝનેસ વોટસએપ ગ્રુપ ફેસબુકમાં જોડાઈ વ્યાપારનો વ્યાપ વધારો

કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના વ્યવસાયિકો આપેલ લિન્ક દ્વારા વોટસએપ ગ્રુપમાં જોડાઈ વ્યાપારનો પ્રસાર વધારો. આ વોટ્સએપ બિઝનેસ ગ્રુપનો ઉદ્દેશ જ્ઞાતિજનોના અરસ પરસ વ્યાપાર વિકસે અને મહતમ ખરીદી/વેચાણને પ્રથમ પસંદગી ફક્ત કેડીઓને મળે એ છે. ચાલો નાનાને પ્રોત્સાહન આપીએ તેને ઉપર લાવીએ. તેના વ્યાપારની પ્રગતિ કરીએ.

વોટસએપ ગ્રુપમાં ૧૦૦૦ જેટલા સભ્યો જોડાયા છે. જ્યારે ફેસબુક ઉપર ૫૫૦૦ જેટલા સભ્યો છે.

**વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે આ લીંક પર કલીક કરો**

**ફેસબુકમાં જોડાવવા માટે આ લીંક પર કલીક કરો**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● ગુજરાત કો.ઓ.મિલ્ક માર્કેટીંગ ફેડરેશન (અમૂલ ડેરી)ના વાઈસ ચેરમેન પદે કચ્છની સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલની ફરી નિયુક્તિ કરાઈ છે. અમૂલ ફેડરેશનમાં વર્ષ ૧૯૭૩થી ચેરમેન પદની વરણી બિનહરીફ રીતે થતી આવી છે તે પ્રણાલિકાને જાળવીને આ વરણી કરાઈ. અમૂલ ફેડરેશન રૂા.૪૬૪૮૧ કરોડનું વાર્ષિક ટર્ન ઓવર સાથે ખાદ્ય ઉત્પાદનોની માર્કેટિંગ વ્યવસ્થા સંભાળતી ભારતની ટોચની સંસ્થા છે. જે અમૂલ બ્રાન્ડ હેઠળ દૂધ અને દૂધની વિવિધ બનાવટોની વિશાળ શ્રેણીનું ઉત્પાદન માર્કેટીંગ અને વેચાણ કરે છે. રાજ્યના ૧૮૧૫૪થી વધુ ગામડાઓમાંથી ૩૬ લાખ દૂધ ઉત્પાદકો પાસેથી સરેરાશ પ્રતિદિન ૨૬૪ લાખ લિટર દૂધ એકત્રિત કરે છે. સરહદ ડેરીના ૧૪ વર્ષથી ચેરમેન પદે રહેલ વલમજીભાઈને કચ્છી કુરિયન તરીકે ઓળખે છે.

● ગત ઓગસ્ટ માસના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકાર્પણ કર્યું એ ભુજના સ્મૃતિવનની માત્ર ચાર મહિનામાં ૨.૮૦ લાખ લોકોએ મુલાકાત લીધી છે. ૨૦૦૧ના ઝોઝારા ભૂકંપનો ભોગ બનેલા નાગરિકોના સન્માનમાં આ સ્મૃતિવનનું નિર્માણ કરાયું છે. ભુજિયા ડુંગર ઉપર ૪૭૦ એકર વિસ્તારમાં આ સંકુલ નિર્માણ પામ્યું છે. જેમાં વિશ્વનું સૌથી મોટું મિયાંવાંકી જંગલ જેમાં ત્રણ લાખ વૃક્ષ, ૫૦ ચેકડેમ, સન પોઈન્ટ, આઠ કિ.મી. લંબાઈનો ઓવર ઓલ પાથવે, ૧.૨ કિ.મી.નો આંતરિક રોડ એક મેગા વોટ ક્ષમતાનો સોલાર પાવર પ્લાન્ટ, ત્રણ હજાર મુલાકાતીઓ માટે પાર્કીંગ ઉપરાંત ભુકંપ પીડિત ૧૨૯૩૨ નાગરિકના નામની તકતી ચેકડેમની દિવાલો ઉપર મૂકવામાં આવી છે.

● વર્ષ ૧૯૬૮થી ૧૯૭૪ વચ્ચે ભુજની આર.આર.લાલન કોલેજમાં સાથે અભ્યાસ કરી ચૂકેલા તથા તે સમયની હોકી ટીમના સભ્ય મિત્રોનું અનોખું સ્નેહ મિલન ૬૦ વર્ષના અંતરાલ બાદ લોનાવાલા ખાતે ગીત સંગીત, ગેમ, જોકી, ઓરકેસ્ટ્રા તથા અવનવા મનોરંજન અને ભોજન સાથે સૌ સહાદયાની ભાઈ બહેનોએ આ પળો માણીને યાદગાર બનાવી હતી.

● માધાપરની રઘુવંશી સમાજના ડૉ.પીનલ મહેન્દ્રભાઈ રાજાણી એ વર્લ્ડ બુક ઓફ સ્ટાર રેકોર્ડસમાં એકસેલેન્ટ ઈન એજ્યુકેશન રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે. ડૉ.પીનલબેન શૈક્ષણિક ક્ષેત્રે ૧૦ ડિગ્રી ધરાવે છે. શિક્ષણ, કલા અને સામાજિક ક્ષેત્રે ૨૩૦ થી વધુ એવોર્ડ, મેડલ અને સર્ટિફિકેટસ મેળવ્યા છે. પીનલબેન આ સાથે ત્રીજો વિક્રમ પોતાના નામે કર્યો છે.

● કચ્છમાં પવનચક્કીઓએ લીલા વૃક્ષ, વન સંપદાઓનો સોથ વાળ્યો. પક્ષીઓના રેન બસેરા ન રહ્યાં. આવા સમયે નખત્રાણા તાલુકાના નાના અંગિયા, જિંદાયના જીવદયા પ્રેમીઓએ વન વગડામાં પક્ષીઓને બચાવવા નિરાંતે ચણ ચણી પાણીથી તૃપ્તિ કરી શકે એ માટે સાત ફૂટ ઊંચાઈ લોંખડની જાળીનો ત્રિકોણ પોઈન્ટ બનાયો છે. દાતાઓના સહયોગથી હજી ૧૫થી ૨૦ પક્ષી પોઈન્ટ બનાવવાની નેમ છે. જેમાં મોર, ઢેલ, કબૂતર, ચકલી હોલા, સુગરી પોપટ જેવા પક્ષીઓ વિચરી ચણ આ રોગીને પાણીથી તરસ બૂઝાવી શકે.

● કચ્છના ઐતિહાસિક શહેર અંજારમાં વર્ષ ૨૦૦૧માં આવેલા મહાવિનાશક ભૂકંપમાં ૧૮૫ શાળાના વિદ્યાર્થીઓ, ૨૨ શિક્ષક, ૨ પોલીસકર્મી તેમજ એક કલાર્ક સહિત ૨૧૦ જણની યાદમાં વી.ડી.રોડ પર રૂા.૧૭ કરોડના ખર્ચ સાથે તૈયાર થયેલ સ્મારક વીર બાળ સ્મારકની ૪૦ થી ૫૦ હજાર લોકોએ ચાર માસમાં મુલાકાત લઈ આધુનિક ટેકનોલોજી સાથેના વિવિધ વિભાગ નિહાળ્યા. ભૂતકાળના સ્મરણો અને તસવીરો, કાટમાળ દર્શાવતા જુદા જુદા પ્રકારના પથ્થરો વચ્ચે મૃત્યુ પામેલા બાળકોના સ્મૃતિ ચિન્હો તેમજ ભૂકંપની વિગતો સહિત લાઈટિંગના દ્રશ્યો તેમજ સ્ટિમ્યુલેટર પ્રોજેક્ટ પર પડદા પર ચાલુ ભૂકંપના ચલચિત્રો સાથે અનુભતિ કરી યાદગાર અનુભવ લીધો છે.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)